# મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે "મિલેટ પાકોનું મહત્વ અને તેનું મૂલ્યવર્ધન" વિષે તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો

આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ સંશોધન કેન્દ્ર મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે **"મિલેટ પાકોનું મહત્વ અને તેનું મૂલ્યવર્ધન"** વિષય પર આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં કૃષિ સંશોધન કેન્દ્રના વડા ડૉ.આર.જી.મછાર દ્વારા મિલેટ પાકોમાં પોષક તત્વો અને સ્વાસ્થ્ય સબંધિત ફાયદા" વિષે માર્ગદર્શન આપવામાં આવેલ કે.વી.કે., દાહોદના ડૉ. એન. ડી. મકવાણા, ડૉ. જી. કે. ભાભોર, ડૉ.વિકાસ પાલી અને ડૉ. ફરીદ સૈયદે અનુક્રમે પ્રાકૃતિક ખેતી, મિલેટનું મહત્વ, મીલેટની જાતો, પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન વિષે જાણકારી આપેલ.

વધુમાં ડૉ. એસ. એ. ચૌહાણ અને શ્રી આરીફભાઈ શેખ દ્વારા જૈવિક ખાતરોનું મહત્વ તથા પાક સંરક્ષણ ની માહિતી આપવામાં આવેલ. આ તાલીમમાં ૫૫ ખેડૂતભાઈઓએ ભાગ લીધેલ જેમને "મિલેટ વાટીકા"ના જીવંત નમૂનાઓનું નિદર્શન તથા નીંદણ-રોગ-જીવાત નિયંત્રણના હેતુથી સ્પ્રેયર પંપનું વિતરણ પણ કરવામાં આવેલ છે.






વા
મૃ
ત
૧) બીજામૃત
૪) આચ્છાદન

